વિપશ્યના તાલીમ લેનારને તાલીમ દરમ્યાન ફરજ પર હાજર ગણવા બાબત.

**ગુજરાત સરકાર**
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: જીએચએસ-૧૦૨૦૧૯-૨૯૦૦-ક
૭/૭, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૧૨/૨૦૧૯

**પ રિ પ ત્ર:**

વિપશ્યના એ ધ્યાન માટેની એક પ્રાચીન સાધના છે.વિના મુલ્યે પુરી પાડવામાં આવનાર આ તાલીમ કોઇપણ પ્રકારના ધર્મ, જાતિ, પંથ અને રાષ્ટ્રીયતાના ભેદભાવ વિના કોઇપણ વ્યક્તિ લઇ શકે છે.

ગુજરાત રાજ્ય ખાતેના અમદાવાદ, કચ્છ, રાજકોટ, પાલીતાણા, નવસારી, મહેસાણા વગેરે વિપશ્યના ધ્યાન કેન્દ્રો દ્વારા, રાજયના જુદાં-જુદાં સ્થળોએ વિપશ્યના તાલીમ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. વિપશ્યના તાલીમથી પ્રત્યેક કર્મયોગી પોતાને સોંપાયેલ કામગીરીને અસરકારક બનાવી શકે અને તેમના વર્તન તરાહોને અપેક્ષિત દિશા આપવામાં અર્થાત મેન્ટલ હેલ્થ જાળવી રાખવામાં ખૂબ ઉપયોગી નીવડે તેમજ આ તાલીમ દ્વારા સરકારી અધિકારી/કર્મચારીઓ પણ સ્વસ્થ રહે તેવી વિભાગની નેમ છે. વધુમાં આ વિપશ્યના તાલીમમાં ભાગ લેનાર અધિકારી/કર્મચારીઓના સંપર્કમાં આવતા નાગરિકો, સહકર્મીઓ અને તેમના પરીવાર સાથેના વર્તન-આચરણમાં હકારાત્મક પરિવર્તન આવવાની પણ સંભાવના રહેલી છે. તેમાં કોઇ બેમત નથી.

વિપશ્યનાની તાલીમ એ સરકારના દરેક તબકકે કર્તવ્યનિષ્ઠા, નૈતિકતા, કાર્યક્ષમતા અને વ્યવસાયિક અસરકારકતા વધારવા માટેનું તેમજ સકારાત્મક પરિવર્તન અને સુધારણા લાવવા માટેનો એક અસરકારક વિકલ્પ બની શકે છે. આ ઉમદા હેતુથી વિપશ્યના તાલીમ શિબિરોમાં ભાગ લેવા ઇચ્છતા આ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળના તમામ પ્રભાગ હેઠળની કચેરીઓના અધિકારી/કર્મચારીઓની તાલીમના આ દિન-૧૦(દસ)ના સમયગાળાને ફરજ પર હાજર ગણવાની બાબત આ વિભાગની વિચારણા હેઠળ હતી.આથી આ બાબતે નીચે મુજબની જોગવાઇઓ કરવામાં આવે છે:

૧.૦ આ તાલીમમાં દરેક અધિકારી/કર્મચારી માટે સ્વૈચ્છિક રીતે ભાગ લઇ શકશે. આ તાલીમમાં ભાગ લેવા માટે કોઇને પણ ફરજ પાડી શકાશે નહિ.

૨.૦ આ તાલીમમાં ભાગ લેવા ઇચ્છતા આ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળના તમામ પ્રભાગો હેઠળની કચેરીઓના અધિકારી/કર્મચારીઓને તેમની કચેરીની ફરજ કે

Scanned by CamScanner

સેવામાં બાધ ન આવે તે રીતે ઓન-ડ્યુટી તરીકે તાલીમમાં ભાગ લેવા માટે સત્તા ધરાવતા સક્ષમ અધિકારીની મંજુરી મેળવવાની રહેશે.

3.0 આ તાલીમમાં ભાગ લેનાર અધિકારી/કર્મચારીએ તાલીમ પરથી પાછા ફરતા સમયે વિપશ્યના સમિતિ દ્વારા ઇસ્યુ કરેલ સર્ટીફિકેટ/પ્રમાણપત્ર મંજુરી આપનાર સક્ષમ અધિકારીને રજૂ કરવાનું રહેશે.

૪.0 આ તાલીમ અધવચ્ચેથી છોડી દેવામાં આવે તો જે-તે અધિકારી/કર્મચારી માટે મંજુર થયેલ દિન-૧૦ના સમયગાળાને ઓન-ડ્યુટી ન ગણતા તેમના ખાતેની જમા રજામાંથી ઉધારવાની રહેશે.

૫.0 આ સાથે સામેલ પત્રક-અ માં દર્શાવેલ વિપશ્યના તાલીમ કેન્દ્રોમાં તાલીમ લેવાની રહેશે.

ઉપર મુજબની જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોય તો આ પ્રકારની વિપશ્યના તાલીમ શિબિરોમાં ભાગ લીધેલ અધિકારી/કર્મચારીઓના કિસ્સાઓમાં તાલીમના સમયગાળાને ફરજનો ભાગ ગણવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. એ. બાદી)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
સર્વે અધિકારીશ્રીઓ,અને સર્વે શાખાઓ. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

**નકલ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ:**

૧. અગ્રસચિવશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
૨. કમિશ્નરશ્રી; કમિશનર આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. એમ.ડી., જીએમએસસીએલ, બ્લોક-૧૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૪. કમિશનરશ્રી, એફ.ડી.સી.એ., બ્લોક-૮/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. સી.પી.ઓ., કમિશનર આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫,

Scanned by CamScanner